## વડીલોને વંદન અભિનંદન

ચંદ્રિકાબેન બટુકરાય દસાડીયા
(૧૯૪૦)ફોન: ૨૩૨૩૪૧૮૩



ગણપતરામ અમથારામ સાધુ
(૧૯૩૮)ફોન: ૨૩૨૨૩૮૭૮

મહેન્દ્ર કે. ચૌહાણ
(૧૯૫૧)મો.૯૭૨૩૬૭૧૫૫૬

## વોલ્વા ગામમાં ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ

મુલોજ, તા. ૨

હાલ ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે. જે અંતર્ગત મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં વિવિધ સ્થળોએ શક્તિ ઉપાસકો દ્વારા નવરાત્રી નિમિત્તે ઘંટસ્થાપન બાદ સેવા પૂજાનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. ચૈત્રી નવરાત્રી પર્વને લઈ મોડાસાના વોલ્વા ગામમાં ખોડીયાર માતાના મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા જોડાઈ રહી છે. દરમિયાન શક્તિ ઉપાસકો દ્વારા નવ-દિવસ શક્તિની ભક્તિ કરવામાં આવશે.

# નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર વાવોલમાંથી જુગાર રમતા ઝડપાયા

## સેક્ટર-૭ પોલીસે દરોડો પાડીને નિવૃત્ત પી.આઈ. તથા બે દિકરા સહિત પાંચની ૨૫ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલી વાવોલ ગામની ભાગોળે સ્થિત એક કોમ્પલેક્ષના બીજા માળે ગઈ સમી સાંજે સેક્ટર-૭ પોલીસે બાતમીને આધારે દરોડો પાડી પાંચ જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં એક નિવૃત્ત પી.આઈ. તથા તેમના બે દિકરાઓ પણ હતા. પાંચેય જુગારીઓની ધરપકડ કરીને સેક્ટર-૭ પોલીસે રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૭ પોલીસમથકના સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડ તથા તેમની ટીમે બાતમીને આધારે વાવોલ ગામની ભાગોળે નવા બની રહેલા એક કોમ્પલેક્ષમાં બીજા માળે દરોડો પાડી એક નિવૃત્ત પી.આઈ. સહિત પાંચ શકુનીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. સમી સાંજે પાડેલા દરોડામાં કોમ્પલેક્ષમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે સેક્ટર-૫-એ પ્લોટ નં. ૫૫૩/૧માં રહેતા નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર ઘનશ્યામસિંહ ગોલ તથા તેમના બે દિકરાઓ અનિલસિંહ અને પ્રદિપસિંહ ઉપરાંત વાવોલ પ્રજાપતિ વાસમાં રહેતો જસવંત ધુળા પ્રજાપતી અને સે. ૨૩છ-ટાઈપ બ્લોક નં. ૧૧૨/૧ ખાતે રહેતા ભુપતસિંહ છનાજી ડાભી મળીને પાંચેય જુગારીયોને રંગેહાથ ઝડપી પાડી તેમની પાસેથી પાંચ મોબાઈલ તથા રોકડ રૂ. ૧૩,૧૮૦ મળીને કુલ રૂ. ૨૫,૧૯૦ના મુદ્દામાલ સાથે તમામની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. દરોડા બાદ નિવૃત્ત પી.આઈ. અને દરોડો પાડવા ગયેલી પોલીસ વચ્ચે હાથાપાઈ પણ થઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું.

## વિજદર વધારા માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમની સ્પષ્ટતા

ગુજરાત વિજ નિયમન આયોગ દ્વારા રાજ્યના તમામ વિજ ગ્રાહકોના વિજદરો નક્કી કરવામાં આવે છે. આયોગની સંમતિ પછી જ કોઈ પણ વધારો જાહેર કરાય છે. રાજ્યમાં તમામ વર્ગના વિજ ગ્રાહકોના વિજદરો, ગુજરાત વિજ નિયમન આયોગ દ્વારા નક્કી કરવામાં આવે છે અને વિજ વિતરણ કંપનીઓ માનનિય આયોગ દ્વારા નક્કી કરેલ વિજદર સિવાય અન્ય કોઈ વિજદરની વસુલાત કરી શકે નહી. ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ મુજબ ઔદ્યોગીક ગ્રાહકો કે જેમની વિજ માંગ એક મે.વો.થી વધારે હોય તેમને વિજ વિતરણ કંપનીઓ સિવાય અન્ય સ્ત્રોત્ર જેવા કે પાવર એક્સચેંઈજ, દ્વિપક્ષીય કરાર વગેરે પાસેથી વિજ ખરીદી કરવાની મંજુરી આપવામાં આવેલ છે. પરંતુ આ સંજોગોમાં વિજ વિતરણ કંપનીઓની જોગવાઈઓ મુજબ ગ્રાહકોને આયોગ દ્વારા નક્કી કરેલ વિજદર મુજબ વિજ માંગ પુરી પાડવા બંધાયેલ છે.

રાજ્યમાં ગેસ આધારીત વિજ ક્ષમતા ૪૧૭૨ મે.વો. છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ને ભારત સરકાર દ્વારા પુરતા ગેસની ફાળવણી ન હોવાથી આશરે ૩૦૦૦ મે.વો. જેટલી ગેસ આધારીત ક્ષમતાનો ઉપયોગ થઈ શકતો નથી.

# ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલના આંખના સર્જનની અનિયમિતતાથી દર્દીઓને હાલાકી

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા શહેરની જનરલ હોસ્પિટલમાં અન્ય જિલ્લામાંથી આવતા આંખના સર્જનની અનિયમિતતાથી આંખના દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આ આંખના સર્જન હોસ્પિટલમાં નિયમિત હાજર રહે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં જનરલ સર્જન મનોચિકિત્સક, બાળરોગ નિષ્ણાંત, પેથોલોજીસ્ટ, રેડિયોલોજીસ્ટ ના હોવાથી દર્દીઓને હાલાકી ભોગવવી પડે છે. આ હોસ્પિટલમાં વિજાપુરથી ડૉ. ભરતભાઈ પટેલ આંખના સર્જન તરીકે સોમવાર અને ગુરૂવારે આવે છે. પણ છેલ્લા પંદર દિવસથી આ ડૉક્ટર હોસ્પિટલમાં ન આવતા આંખના દર્દીઓને ધરમધક્કા થઈ રહ્યા છે. વડાલીના નીલમબેન વિમલકુમાર સુથાર છેલ્લા બે સોમવાર અને એક ગુરૂવારે આંખની તપાસ માટે આવ્યા હતા પણ ડૉક્ટર ન આવતા ખેડબ્રહ્મા સહિત આજુબાજુના વિસ્તારના દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ડૉ. ભરત પટેલ આ ગુરૂવારે પણ રજા ઉપર હોવાનું હોસ્પિટલનાસૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. વળી હોસ્પિટલના જવાબદાર અધિકારી દ્વારા દર્દીઓને ઈડર કે હિંમતનગર જવાની સલાહ આપવામાં આવતા લોકોમાં રોષ ફેલાયો છે.

# શામળાજી બોર્ડર પરથી ૧૭ લાખનો દારૂ ઝડપાયો

**મોડાસા, તા. ૨**

**અરવલ્લી જિલ્લામાં ચૂંટણી નજીક આવી રહે છે છતાં શામળાજી પોલીસ દ્વારા બોર્ડર પર ખાસ કોઈ કડક ચેકીંગ હાથ ધરવામાં આવતું ન હોવાની બૂમ ઉઠી છે. જેના લીધે દારૂ ઝડપી પાડવા ગાંધીનગર આર.આર. સેલની ટીમને કાર્યરત રહેવુ પડે છે. આવોજ એક ૧૭ લાખનો જથ્થો ઝડપી પાડી ૧ની ધરપકડ કરવામાં આવી છે.**

**ચૂંટણી નજીક આવી રહી છે. છતાં હજુ બોર્ડર પર જોઈએ તેટલુ કડક ચેકીંગ હાથ ધરવામાં આવતુ નથી. શામળાજી પોલીસના ૨ થી ૪ કોન્સ્ટેબલો રોજની હજારો ટ્રકો નિકળે છે તેમનું ચેકીંગ કઈ રીતે કરી શકતા હશે ? જેના લીધે કરોડો રૂપિયાનો દારૂ ગુજરાતમાં ઠલવાઈ જતો હશે. ગાંધીનગર આર.આર. સેલની ટીમે બોર્ડર પર ચેકીંગ હાથ ધર્યુ ત્યારે આઈશર ગાડી નં. એચ.આર.૬૧-એ-૬૨૨૪ ની તલાશી લેતા ઈલેક્ટ્રીક જનરેટરમાં ભરેલી ૮૩૩ પેટી મળી આવી હતી. જનરેટરમાંથી મળી આવેલી ૪૫૯૬ બોટલની કિંમત ૧૬,૮૪,૮૦૦ થાય છે. જ્યારે ગાડી સહિતના મુદ્દામાલની કિંમત ૨૫,૮૬,૦૦૦ થાય છે. આ દારૂ ગુજરાતમાં ઘુસાડનાર હર્ષદખાન નામના ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. છેલ્લા કેટલાય સમયથી રાજસ્થાનની શામળાજી બોર્ડર પર વ્યવસ્થિત ચેકીંગ કરવામાં આવતુ ન હોવાની બૂમ ઉઠી છે. દિવસે પણ વાહનોની બેરોકટોક અવરજવર છતાં ચોકીમાં બધા આરામના મુડમાં હોય તેવું ઘણીવાર જોવા મળે છે. તેથી જિલ્લા પોલીસવડા મયુર ચાવડા તથા એલ.સી.બી. પી.આઈ. પી.કે. પટેલ જાતે જ બોર્ડર પર ઓચિંતુ ચેકીંગ હાથ ધરે તે જરૂરી છે.**

# શહેરમાં બે વિદેશી યુવાનો એડવાન્સ ટેકનોલોજીની તાલીમ લેવા આવ્યા

## અક્ષરધામના લેશર શો જેવી ટેક્નોલોજી મારા દેશવાસીઓને પણ બતાવવી છે : અબીદેમી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર હવે શિક્ષણની દૃષ્ટિએ એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચુક્યુ છે. હવે તો આ નગરમાં માત્ર આસપાસના ગામો, જિલ્લાઓ કે રાજ્યોમાંથી જ નહિ પરંતુ અન્ય દેશોમાંથી પણ વિદ્યાર્થીઓ જ્ઞાન પ્રાપ્ત કરવા આવી રહ્યા છે. હાલ શહેરમાં અફઘાનિસ્તાન અને નાઈઝીરીયાથી બે આઈટી સ્નાતક યુવાનો ઈન્ફર્મેશન ટેકનોલોજી અંગેની એડવાન્સ ટેકનોલોજી શિખવા આવેલા છે. આ બંને યુવાનોએ ગાંધીનગર સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં કેટલીક રસપ્રદ વાતો કરી હતી.

આમ જનતાને કોઈ કનડગત નથી. ૯૦ ટકાથી વધુ ઈસ્લામિક વસ્તી ધરાવતા અમારા દેશમાં શીખ સમુદાય પણ વસે છે અને અમે સૌ સંપીને રહીએ છીએ.' આ અફઘાની યુવાન ગાંધીનગર દસ દિવસ રહેવાનો છે તે દરમ્યાન તેને અક્ષરધામ અને ગાંધીઆશ્રમની મુલાકાત લેવાની ખૂબ ઈચ્છા છે.

ગાંધીનગરમાં અન્ય એક વિદેશી યુવાન તાલીમ મેળવવા આવ્યો છે તે છે નાઈજીરીયાનો 'અબીદેમી' આઈટી પ્રોફેશનલ આ યુવાન પણ ગાંધીજીથી પ્રભાવિત છે અને અક્ષરધામ ખાતે લેસર શૉ જોઈને ખુબ જ અભિભૂત થઈ ગયો હતો. આ પ્રકારની ટેકનોલોજી

(તસવીર : કશ્યપ નિમાવત)

'અમિતાભ બચ્ચન ફક્ત મારો જ નહિ પરંતુ અમારા આખા અફઘાનિસ્તાનનો ફેવરીટ સુપરસ્ટાર છે, હું નાનપણથી બોલીવુડની હિન્દી ફિલ્મો જોઈને મોટો થયો છું અના કારણે સારી રીતે હિન્દી પણ બોલી શકુ છુ. આ ફિલ્મો જોઈને મને ભારત દેશને જોવાની ખુબ ઈચ્છુ હતી.' આ શબ્દો છે અફઘાનિસ્તાનના પાટનગર કાબુલથી ગાંધીનગરમાં આઈટી વિષયક એડવાન્સ ટેકનોલોજી શિખવા આવેલા પોસ્ટ ગ્રેજ્યુએટ યુવાન મોહંમદ યાસીર અઝીઝના. મોહમંદ યાસીરે ગાંધીજીથી પ્રભાવિત હોવાનું કબૂલતા ગાંધી વિચારોની પ્રસંશા કરી હતી. ફાંકડુ હિન્દી બોલતો આ યુવાન ભારતના વખાણ કરતા થાકતો નહોતો તેમજ તેણે ભારતીયોના પ્રેમાણ અને મિલનસાર સ્વભાવના ભરપેટ વખાણ કરી પોતે ભારતીયોથી ખૂબ જ પ્રભાવિત હોવાનું પણ કબુલ્યુ હતુ. આ યુવાનને જ્યારે તેના દેશ વિશે પુછવામાં આવ્યું ત્યારે તેણે થોડીક નિરાશા સાથે કહ્યું કે 'મારા દેશની સાચી સ્થિતિ કોઈ જણાવતુ નથી, અમે અમારા દેશમાં શાંતિથી રહીએ છીએ, મહિલાઓને પણ પુરતી સ્વતંત્રતા છે. અત્યારે ૧૫ થી વધારે શૈક્ષણિક યુનિવર્સિટીઓ અફઘાનિસ્તાનમાં છે. ધીમે ધીમે શિક્ષણમાં વિકાસ થઈ રહ્યો છે.' અમેરિકન દરમ્યાનગીરી અંગે પુછતા આ યુવાને સ્પષ્ટ જવાબ આપ્યો હતો કે 'ઘણા ખરાબ સમયમાંથી પસાર થઈ ચુકેલો અમારો દેશ હવે ખૂબ સારી સ્થિતિમા ંછે, અમેરીકન લશ્કર કેટલાક ખાસ વિસ્તારોમાં જ છે જેની પોતાના દેશના લોકો સુધી પહોંચે તેવી ઈચ્છા સાથે તેણે ગુજરાતના વિકાસના પમ ખૂબ વખાણ કર્યા હતા. તેણે ભારતને મજબૂત દેશ ગણાવી ભારતીયોને 'હેલ્પીંગ નેચરવાળા' કહ્યા હતા. હિન્દી ફિલ્મોના રસિયો આ યુવક પણ અમિતાભ બચ્ચનનો આશિક છે. પોતાના દેશ વિશે વાત કરતા અબીદેમીએ કહ્યું હતું કે, 'કુદરતી સંપત્તિથી સભર અમારા દેશમાં વિકાસદર ધીમો છે પરંતુ શિક્ષણ અને ટેકનોલોજીની સમજથી નવી પેઢી હવે નવી વાતોનો સ્વીકાર કરી રહી છે.'

'ખ્રિસ્તી સમુદાયની વસતી ધરાવતા નાઈજીરીયામાં બીજો વર્ગ ઈસ્લામિક છે. આઉસા, યોરવા અને ઈબો સ્થાનિક ભાષાઓ છે પણ અંગ્રેજી વિશેષ સ્થાન ધરાવે છે. પ્રથમ વખત જ ભારત આવનાર આ યુવાને પોતાનો દેશ મજબુત નેતાની શોધમાં છે તેવું જણાવતા કહ્યું કે અમારા દેશમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ ઉંચુ છે. પણ હવે લોકો ધીરે ધીરે સમજતા થઈ રહ્યા છે. કોઈ મજબૂત અને સારૂ નેતૃત્વ મળશે તો અમારો દેશ પણ વિકાસના પંથે આગળ વધશે. ગાંધી મૂલ્યો જેવા કે અહિંસા અને પ્રેમ દ્વારા જ વિશ્વના દરેક દેશનો વિકાસ શક્ય છે, તેના દ્વારા જ માનવ માનવ વચ્ચેના ભેદભાવ દૂર કરી શ્રેષ્ઠ સામ્રાજ્યની રચના કરી શકાશે.

આ બંને વિદેશી યુવાનો ગાંધીનગરના સેક્ટર-૧૧માં આવેલા 'સર્વન્ટ કન્સલ્ટીંગ સર્વિસીઝ' ખાતે આઈટી વિષયક એડવાન્સ ટેકનોલોજીની તાલીમ લેવા આવ્યા છે.

# ઉમેદવારોના ખર્ચ નિરીક્ષણ માટે રાજયમાં ૩૧ ખર્ચ નિરીક્ષકો નિમવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨

લોકસભા ચૂંટણીમાં ઉમેદવારોના ચૂંટણી ખર્ચ ઉપર દેખરેખ રાખવા માટે અન્ય રાજયોમાંથી ૩૧ જેટલા ખર્ચ નિરીક્ષકો આજથી ગુજરાતમાં આવી ગયા છે.

રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવાલે જણાવ્યું હતું કે લોકસભાની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પેટા ચૂંટણીના પ્રત્યેક ઉમેદવારે તેઓ ઉમેદવારી નોંધાવે તે તારીખથી ચૂંટણી પરિણામ જાહેર થાય તે બંને તારીખો સહિતનાં સમયગાળા દરમિયાન ઉમેદવારો અથવા તેમના ચૂંટણી એજન્ટે કેટલો તમામ ચૂંટણી ખર્ચનો અલગ અને સાચો હિસાબ આ અંગે નિયત કરવામાં આવેલા રજીસ્ટરમાં રાખવાનો રહેશે.

## શબ્દાવલી - ૫૩૫૬



### આડી ચાવી

૧. ધીરજ, ધૈર્ય (૪)
૩. રવિ, ભાસ્કર (૩)
૬. જાસાચિઠ્ઠી (૪)
૭. વેદના સહિત (૪)
૧૦. સર, તુણીર (૨)
૧૧. પ્રપંચ (૪)
૧૫. આરપાર દેખાય તેવું (૫)
૧૬. વર્તન, વર્તાવ (૩)
૧૭. ઉપયોગ, પ્રયોગ (૪)
૧૯. ગુનો, સત્ત્વ (૨)
૨૦. પોઝીશન, પોસ્ટ (૨)
૨૧. કાજળ, કજરા (૨)

### ઊભી ચાવી

૧. ધ્વજ (૨)
૨. સ્સોઇ કરનાર સ્ત્રી (૪)
૩. ઉંઘે, નિંદ્રા કરે (૨)
૪. બાતલ, કેન્સલ (૨)
૫. નનામી, ઠાઠડી (૩)
૯. એકચર (૩)
૧૦. ધનુર્ધર, તીર મારવામાં કુશળ(૪)
૧૨. ચર્ચા-વિચારણા (૫)
૧૩. દર્શકો, પર્યટક (૪)
૧૪. પૂર્ણ અર્થ બતાવતો શબ્દ સમૂહ(૩)
૧૫. પથરો, પથ્થર (૩)
૧૮. ગણપતિ, ગજાનંદ (૩)

### શબ્દાવલી ૫૩૫૫ના જવાબ

***આડી ચાવી :-*** (૧) બાજુબંધ (૪) રાશી (૬) ધીરજ (૮) વન (૧૦) યાપમ (૧૧) શરારત (૧૩) કજરા (૧૫) નસ (૧૬) તાડપત્રી (૧૭) લીકવીડ (૨૦) માલામાલ (૨૧) શુકન (૨૩) જરા

***ઊભી ચાવી :-*** (૧) બાલકિશન (૨) બંધિયાર (૩) ધરપત (૫) શીવ (૭) જમ (૯) નવરાત્રી (૧૨) રાસલીલા (૧૩) કડ (૧૪) જપ (૧૬) તાડ (૧૮) કમાન (૧૯) વીલ (૨૦) માળો (૨૧) શુરા (૨૨) નળ

# ધોળાકુવા રહસ્યમય હત્યા કેસમાં પાંચ શકમંદોના SDS ટેસ્ટ થયા

## મૃતક કિશોરીના માતા-ભાઈ સહિત પાંચ પર પોલીસને શંકા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક ધોળાકુવા ગામે થોડા દિવસ અગાઉ ગામની જ સીમમાંથી એક ૧૬ વર્ષીય કિશોરીનો હત્યા કરાયેલ મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ રહસ્યમય હત્યા પ્રકરણ અંગે આજે ગાંધીનગર એફ.એસ.એલ. કચેરી ખાતે કુલ પાંચ વ્યક્તિઓના એસ.ડી.એસ. ટેસ્ટ કરવામાં આવ્યા હતા. નજીકના દિવસોમાં આ રહસ્યમય હત્યા ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગરના પાદરે ધોળાકુવા ગામ આવેલ છે. આ ગામની સીમમાં થોડા દિવસો અગાઉ ૧૬ વર્ષીય આશા નામની કિશોરીની કોઈ અજાણ્યા શખ્સો દ્વારા હત્યા કરી નાખવામાં આવી હતી અને મૃતદેહને ઘઉં ભરવાના કોથળામાં નાખી સુમસામ સ્થળે ફેંકી દેવામાં આવ્યો હતો. દરમિયાન ગ્રામજનોએ આ મૃતદેહ જોતા તેમણે સેક્ટર-૭ પોલીસમાં જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળે આવી મૃતદેહનો કબજો મેળવી અજાણ્યા વ્યક્તિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે આ રહસ્યમય હત્યાની તપાસ માટે ડૉગસ્કવોડની મદદથી પગેરૂ શોધવાની તજવીજ હાથ ધરી હતી પરંતુ તપાસમાં કોઈ હકીકત ના મળતાં પોલીસે એફ.એસ.એલ.ની મદદ પણ લીધી હતી. આથી પોલીસે મૃતક કિશોરીની માતા અને ભાઈ સહિત કુલ પાંચ વ્યક્તિઓ પર શંકા જતા આ પાંચેય શકમંદોના ગાંધીનગર એફ.એસ.એલ.ની કચેરીમાં એસ.ડી.એસ. ટેસ્ટ કરાવ્યા હતા. આથી નજીકના ભવિષ્યમાં આ રહસ્યમય હત્યા પ્રકરણનો ભેદ ઉકેલાય તેવી શક્યતા જણાઈ રહી છે.

## ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

વિધાનસભાની સાત બેઠકોની પેટા ચૂંટણી માટે આજે એક પણ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી.

આજે રાજયમાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ કરવાલે જણાવ્યું હતું કે, નિષ્પક્ષ અને ન્યાયીક વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે તંત્ર એ તેની તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

શ્રીમતિ કરવાલે જણાવ્યું હતું કે ઉમેદવારો માટે આચારસંહિતાનું પાલન કરવું આવશ્યક છે. તેમણે જણાવ્યું હતું કે હવે બનતી અગત્યની તમામ ઘટનાઓનું વિડીયો રેકોર્ડિંગ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી પ્રચારની સામગ્રી સહિત અને ચૂંટણી લડતા ઉમેદવાર કે રાજકીય પક્ષ અથવા પક્ષના કાર્યકર સાથે સંબંધિત હોય તેવા વાહન સાથે જો રૂ. ૫૦ હજારથી વધુ રોકડ અથવા રૂ. ૧૦ હજારથી વધુ મૂલ્યની એવી ચીજવસ્તુ કે જેનાથી મતદારોને પ્રલોભન આપવાની સંભાવના હોય તો ચૂંટણી પંચે નિયત કરેલી કાર્યપધ્ધતિ મુજબ તે જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણી ૨૦૧૪માં ગુજરાત રાજયમાં ૩.૯૮ કરોડ ઉપરાંત મતદારો પૈકી પુરુષ મતદારો ૨.૦૮ કરોડથી વધુ અને મહિલા મતદારો ૧.૯૦ કરોડથી વધુ અને અન્ય ૨૬૧ મતદારો નોંધાયા છે. આ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ ઈલેકટ્રોનિક વોટીંગ મશીન (ઈ.વી.એમ.) દ્વારા કરશે. મતદાન મથકો વિષે વિગતો આપતા શ્રીમતી કરવાલે કહ્યું કે રાજયમાં કુલ ૪૫,૩૧૩ મતદાન મથકો છે જે પૈકી શહેરી વિસ્તારમાં ૧૫,૨૨૫ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૦,૦૮૮ મતદાન મથકો ઉપર મતદાન યોજાશે. રાજયમાં કુલ ૨૭,૩૬૦ જેટલા મતદાન મથક સ્થળો છે. જે પૈકી શહેરી વિસ્તારમાં ૫,૬૪૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૧,૭૧૪ મતદાન મથક સ્થળોનો સમાવેશ થાય છે.

# ગુઢી પડવો : મહારાષ્ટ્રીયન પરિવારોએ નૂતન વર્ષનું સ્વાગત શામે-સંગીતથી કર્યુ

ગાંધીનગર, તા. ૨

ચૈત્રી સુદ-૧ એટલે ગુઢી પડવો અને આ દિવસ એટલે મરાઠી પરિવારોનું નૂતન વર્ષ. ગાંધીનગરમાં સે. ૨૧ ખાતે આવેલા મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. ગુઢી પડવાને દિવસે સવારે સમાજમાં મુખ્ય ટ્રસ્ટી સુધીર વિચારે અને એમના શ્રીમતીના હસ્તે ગુડી ઉભારવાનો કાર્યક્રમ યોજાયો.

સ્નેહમિલનમાં મુખ્ય મહેમાન તરીકે વડોદરા અકોટા વિસ્તારના કોર્પોરેટર મમતા કાળે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એમના હસ્તે મરાઠી પરીક્ષા અને નિબંધ સ્પર્ધાના વિજેતાઓને પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યા હતા. ગાંધીનગરના ટોપ વન ઓરકેસ્ટ્રાના હિમાંશુ ગાયકવાડ અને એમના ગાયકોએ સુર મધુર ગીતોથી શામે સંગીતને સુરમયી બનાવી હતી. ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી પદે નિયુક્ત થયેલા મહારાષ્ટ્ર સમાજના ઉપાધ્યક્ષ સંજય થોરાતનું સ્વાગત કરાયું.

ગુઢી પડવાના કાર્યક્રમનું સંચાલન દિવાકર ચૌકેકરે કર્યુ જ્યારે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ સોમનાથ ખાંદારે, મંત્રી ચંદ્રકાન્ત કાંબળે સાથે સંતોષ મૂળે, અનુલ કરમરકર, સંદીપ પાંગે, કિરીટ કાંબળે, જીતુ વાઘ, કિશોર પંચાક્ષરી, સુભાષ નિમગાવકર અને અન્યોએ ખડેપગે સેવા આપી. પાંચસો વધુ સભ્યો વચ્ચે યોજાયેલા સ્નેહ મિલનમાં ગીત-સંગીત સાથે નૂતન વર્ષનું સૌએ ઉમળકાભેર સ્વાગત કર્યુ.

## આર્થિક ફટકો

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

હોત તે પ્રમાણમાં જી.એસ.પી.સી. દ્વારા ઉંચી ડીપોઝીટ પણ વસુલવામાં આવે છે. સામે તગડી ડીપોઝીટ વસુલ્યા બાદ વ્યાજ આપવાની પણ કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. ચાર-છ મહીના માટે બહારગામ જતા યુઝર્સનું કનેકશન બંધ હોવા છતા મિનિમમ બીલની રકમ વસુલવામાં આવે છે ત્યાં પણ તેમણે આર્થિક ફટકો સહન કરવો પડે છે. આવા સંજોગોમાં કોમર્શિયલ ગેસનો ભાવ ઘટાડવા અસરકારક પગલા લેવાય તેવી માંગ પ્રબળ બની છે. આ મામલે સૂત્રોના જણાવ્યા મુજબ આંતરરાષ્ટ્રીય બજારમાંથી ગેસ ખરીદવો પડતો હોવાથી ભાવવધારો કરવો પડે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ વધતા અહીં પણ વધુ ભાવથી ગેસ મળે છે. આવા સંજોગોમાં ભાવવધારો તેના પર આધારિત છે. જો.કે. કોમર્શિયલ એલ.જી.પી. કરતા આ ગેસનો ભાવ પ્રમાણમાં ઘણો ઓછો હોવાનો હરખ પણ વ્યક્ત થઈ રહ્યો છે. આ સઘળી સ્થિતિ વચ્ચે કોમર્શિયલ ગેસ યુઝર્સને ગ્રાહક તરીકે આર્થિક ફટકો વેઠવા સિવાય અન્ય કોઈ સુવિધા ન મળતી હોવાનો આક્રોશ ઠાલવવામાં આવી રહ્યો છે. ત્યારે આવા જોડાણકર્તાઓ માટે આર્થિક રીતે રાહત થાય તેવા પગલા લેવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## આચાર સંહિતાનો ભંગ

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ કરવાલે જણાવ્યું હતું કે રાજયમાં કુલ ૧૪૮ આચારસંહિતા ભંગની ફરિયાદો મળી છે. જે પૈકી ૯૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.

સૌરભ પટેલે પંચને જવાબ આપ્યો છે કે કેમ? તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે તેમના પ્રત્યુત્તરની અમે રાહ જોઈ રહ્યા છીએ.

આદર્શ આચાર સંહિતાના અમલ અંગે તેમણે જણાવ્યું હતું કે રાજયમાંથી ૯૭૮૫૪ બિન અધિકૃત રીતે પ્રદર્શિત કરાયેલી પ્રચારાત્મક સામગ્રી હટાવાઈ છે.

પત્રકારોના એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં વિજાપુર નગરપાલિકાના ચીફ ઓફીસરની આચારસંહિતા ભંગની સંડોવણી જણાતાં તેમને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવ્યા છે. આચારસંહિતા ભંગની સૌથી વધુ ફરિયાદો કચ્છમાંથી મળી છે. રાજકીય પક્ષો તરફથી ૩૪ ફરિયાદો મળી છે. જેમાં ભાજપ તફથી નવ અને કોંગ્રેસ પક્ષ તરફથી ૨૧ ફરિયાદો મળી છે. જયારે અન્ય રાજકીય પક્ષો તરફથી ૪ ફરિયાદો મળી છે.